
**વડીલોને વંદન અભિનંદન**

**આજે જન્મદિવસ**



સુરેશકુમાર સત્યપાલ પ્રભાકર (૧૯૪૨) ફોન - ૨૩૨ ૧૧૩૩૯

# રાજ્યમાં વ્યાપક ભ્રષ્ટાચાર છે : કેજરીવાલનો આક્ષેપ

## મંત્રી, અધિકારીઓ ભ્રષ્ટાચાર કરવા સ્વતંત્ર : પરષોત્તમ સોલંકીની સામે હાઇકોર્ટનો આદેશ છતાં મોદી કાર્યવાહી કરતા નથી : કેજરીવાલના નિવેદનથી હોબાળો

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના શાસનમાં ભ્રષ્ટાચાર કરવા માટે તમામ મંત્રીઓ અને અધિકારીઓ સ્વતંત્ર છે. ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવનારાની કતલ કરવામાં આવે છે. રાજ્યના બે મંત્રીઓ શ્રીમતિ આનંદીબેન પટેલ અને પરશોત્તમ સોલંકી સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો થયેલા છે. એમાં મંત્રી પરશોત્તમ સોલંકી સામે હાઈકોર્ટનો આદેશ હોવા છતાંયે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કોઈ જ કાર્યવાહી ન કરીને ભ્રષ્ટાચારીઓને છાવરી રહ્યા હોવાનો આક્ષેપ ટીમ અણ્ણાના સભ્ય અરવિંદ કેજરીવાલે કર્યો છે દેહગામ નજીક લવાડ ગામની ગૌચરની જમીન રાજ્ય સરકાર દ્વારા રક્ષાશક્તિ યુનિવર્સિટીને ફાળવવાના વિરોધમાં ગ્રામલોકોના સમર્થનમાં ચાલતી લડતમાં ભાગ લેવા માટે આવેલા અણ્ણા હજારેની ટીમના મહત્વના સહસ્ય અરવિંદ કેજરીવાલે આજે અમદાવાદમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભ્રષ્ટાચારીઓને છાવરી રહ્યા છે. જો હકીકતમાં નરેન્દ્ર મોદી ગુજરાતને ભ્રષ્ટાચાર મુક્ત કરવા માંગતા હોય તો ઉત્તરાખંડની ખંડૂરી સરકારે લાગુ કરેલો લોકાયુક્તનો કાયદો ગુજરાતમાં લાગુ કરવો જોઈએ. ગુજરાતમાં એકબાજુ ૭ વર્ષથી લોકાયુક્તની નિમણુંક કરવામાં આવતી નથી. જો કોઈ આરીટીઆઈ કાર્યકર્તા ભ્રષ્ટાચાર બહાર લાવે તો તેની હત્યા કરી દેવાય છે. આ તે કેવી વ્યવસ્થા ? મંત્રી દિલીપ સંઘાણીના ભ્રષ્ટાચારને બહાર લાવનાર કાર્યકર પર હુમલો કરાયો તે ગંભીર બાબત છે. ગુજરામાં બેફામ ભ્રષ્ટાચાર છે અને એટલું જ નહીં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભ્રષ્ટાચારીઓને છાવરી રહ્યા છે. એવો સનસનીખેજ આક્ષેપ કરતાં કેજરીવાલે કહ્યું હતું અત્યારે સુધી શુદ્ધ વહીવટના ભાજપ સરકારના દાવા પર પ્રશ્નાર્થ લાગી ગયો છે. ગુજરાતમાં લોકાયુક્ત નથી એટલે ભ્રષ્ટાચારની ફરિયાદ કોને કરવી ? અણ્ણા ટીમ દ્વારા ગુજરાતમાં મોદી

## ગુજરાત સરકારે લોકાયુકતની નિમણૂંક માટે સંનિષ્ઠ પ્રયાસ કર્યા છે

ગાંધીનગર, તા.૨૯

શ્રી અરવિંદ કેજરીવાલના લોકાયુકત અંગેના તેમજ રક્ષાશકિત યુનિવર્સિટીને ફાળવવામાં આવેલી જમીન અંગેના આક્ષેપોને પાયા વિહોણા ગણાવી કડક શબ્દોમાં વખોડતા રાજય સરકારના પ્રવકતા આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું હતું કે કેજરીવાલના આક્ષેપો તથ્ય વિહોણાં છે. તેમણે જણાવ્યું હતું કે શ્રી કેજરીવાલે જો પૂરું સત્ય જાણ્યું હોત તો આવા ભળતા નિવેદન કરીને ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવાનું કૃત્ય ન કર્યું હોત.

પ્રવકતા મંત્રીશ્રીએ ગુજરાતમાં લોકાયુકત નિમણૂંક અંગેના શ્રી કેજરીવાલના નિવેદન અંગે કમનસીબ ગણાવતાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર ભૂતકાળમાં કયારેય લોકાયુકતની નિમણૂંકની વિરોધી રહી નથી. રાજય સરકારે પારદર્શી રીતે અને સંવૈધાનિક પધ્ધતિથી રાજયમાં લોકાયુકતની નિમણૂંક થાય તે માટેના સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે જે દેશ અને ગુજરાતની પ્રજા જાણે જ છે. લોકાયુકતનો સમગ્ર મામલો ન્યાયાધિન હોઈ, આ બાબત વિવાદનો મુદ્દો બન્યો છે.

પ્રવકતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રક્ષાશકિત યુનિવર્સિટીની ગૌચરની જમીન ફાળવવા અંગે જે વિવાદ ઉભો કરવામાં આવ્યો છે તે હકીકતમાં સત્યથી વેગળો છે. રક્ષાશકિત યુનિવર્સિટી માટે રાજય સરકારની માલિકીની લવાડ ગામની સરકારી પડતર ૩૦૪ એકર જમીન મહેસૂલ વિભાગની પરવાનગીથી ગૃહ વિભાગને તબદીલ કરવામાં આવી છે. ત્યારબાદ ફાળવેલ જમીનને અન્ય લાગુ જમીનની માંગણી રક્ષાશકિત યુનિવર્સિટી માટે આપતા લવાડ ગામની સરકારી જમીન તબદીલ કરવાના હુકમો પણ કલેકટર, ગાંધીનગર દ્વારા કરાયા છે. આમ, સમગ્ર રીતે લવાડ ગામની રાજય સરકારની હસ્તકની કુલ હે. ૯૪-૧૬ આરે ૮૦ચો.મી. જમીન ગૃહ વિભાગ દ્વારા આ યુનિવર્સિટીને ફાળવાઈ છે. જેમાં ગૌચરની જમીન ફાળવવાનો કોઈ પ્રશ્ન જ નથી. હાલ લવાડ ગામે ૭૮ હેકટર જેટલી ગૌચરની ગ્રામ પંચાયત હસ્તક ઉપલબ્ધ છે. તેઓએ ઉમેર્યું કે, રક્ષાશકિત યુનિવર્સિટીના નિર્માણથી ગ્રામજનો કે ગામને કોઈ જ નુકશાન થાય તેમ નથી. ગ્રામજનોને જે કોઈ પ્રશ્નો હશે તે માટે રૂબરૂમાં ચર્ચા-વિચારણા કરી તેના નિરાકરણ અને હકારાત્મક ઉકેલ માટે રાજય સરકાર ચોકકસ પ્રયત્નશીલ છે.

## સમાચાર ઝલક

- મુંબઇને તરબોળ તો ભારે વરસાદ : રેલ્વેને અસર
- એડલ્ટ ફિલ્મો મોડી રાત્રે ટીવી પર દર્શાવાય તેવી શક્યતા.
- લંડનમાં યોજાનાર ઓલિમ્પિકમાં ૨ વર્ષની ઉંમરથી બંને પણ વગરનો દોડવીર ઓસ્કાર દોડમાં ભાગ લેનાર છે.
- સુરત મહાનગર પાલિકાની સામાન્ય સભામાં કોંગ્રેસના કોર્પોરેટર શ્રી નીતિન ભરૂચાને તમાચો ઠોકી દોધો હતો, પોલીસની ફરિયાદ નોંધાઇ.
- વરૂણ દેવને રીઝવવા માટે ગુજરાતમાં અનેક જગ્યાએ વરૂણ યજ્ઞો યોજાઇ રહ્યા છે.
- અન્ન એવો ઓડકાર - સૂરજીતસિંહ પાક પર આફરીન, પાકિસ્તાનનો આભાર માન્યો.
- ભાદરવી પૂનમે અંબાજીમાં ૨૪ લાખથી વધુ ભાવિકો ઉમટશે : તંત્રની આગોતરી કામગીરી શરૂ.
- હું માત્ર ખોડલધામ સાથે જોડાયેલો છું : શ્રી નરેશભાઇ પટેલ
- અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા માટે ટૂંકમાં નવા પગલાં જાહેર થશે, શેરબજારમાં તેજી.
- દાદર-ભૂજ ટ્રેનનું સ્ટોપેજ ડીસાને ફાળવાયું.
- ભાજપના વરિષ્ઠ નેતા વૈકેયા નાયડુના સગાને ગુજરાતમાં જમીન ફાળવેલ મુદ્દો હાઇકોર્ટે ફગાવી દીધો.
- સંગ્મા-ભાજપને ઝટકો, જયલલિતા સમર્થન નહીં આપે, અડવાણીને જાણ કરી.
- ૨૫ લાખ સુધીની મકાન લોન ઉપર વ્યાજ રાહત મળે તેવા સંકેતો, મંદી દૂર કરવાનો વધુ પ્રયત્ન.
- ખેંચાયેલાં વરસાદ-નિકાસને કારણે કઠોળ, ચોખાના ભાવમાં ભડકો, પાણીનો પોકાર, કૃષિ રોજગાર અર્થતંત્ર ઉપર ચિંતાના વાદળો.
- ફિલ્મી અભિનેત્રી કરીના કપૂર લગ્ન માટે અન્ય ધર્મ અંગિકાર નહીં કરે.

## એન્જિનિયરીંગમાં ૨૨૨૯ ફાર્મામાં ૧૫૩ બેઠક ખાલી

અમદાવાદ, તા.૨૯

એડમીશન કમિટિ ફોર પ્રોફેશન કોર્સીસ (એસીપીસી) દ્વારા મોકરાઉન્ડ-૨ પુર્ણ થયો છે. આજે રાઉન્ડ પુર્ણ થયા બાદ એન્જિ.માં ૨૨૯૯ અને ફાર્મસીમાં ૧૫૩ બેઠકો ખાલી રહી છે. હવે ૩૦મી જુનથી ૫મી જુલાઇ ચોઇઝ ફિલીંગબાય એકચ્યુલ એડમીશન રાઉન્ડ-૧ શરૂ થશે જેની મેરીટ યાદી ૯મી જુલાઈએ જાહેર કરાશે.

## ગુમ બાળકોના પ્રશ્ને આજે શાળા-કોલેજ બંધનું એલાન

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ અને ગુજરાતમાંથી ગુમ થયેલા માસુમ બાળકોને શોધવામાં તંત્ર સરેઆમ નિષ્ફળ ગયું છે. એટલું જ નહીં એક બાજુ ગુમ થયેલા બાળકોની ભાળ મળતી નથી અને બીજી બાજુ દિવસે ને દિવસે બાળકોગુમ થવાની ઘટનાઓ વધતી જઈ રહી છે. ઉપરોક્ત ગંભીર પ્રશ્ને અને ગુમ થયેલા બાળકોના લાચાર વાલીઓની વેદનાને વાચા આપવા એનએસયુઆઇ તથા ઓલ ગુજરાત સ્ટુડન્ટસ ફેડરેશન દ્વારા આવતીકાલે તા.૩૦ જુનના શનિવારના રોજ શાળા કોલેજો બંધનું એલાન આપવામાં આવ્યું છે. તેને સફળ બનાવવા વિદ્યાર્થી, વાલી સમૂદાયને સંગઠન દ્વારા અપીલ કરવામાં આવી છે.

# છાલા નજીક માર્ગ અકસ્માતમાં ત્રણના મોત

**હિંમતનગરથી ચિલોડા તરફ આવી રહેલ એક કારની પાછળ આજે સાંજે ધડાકાભેર એક ટ્રક ટકરાઈ**

ચિલોડા, તા. ૨૯

ચિલોડા-હિંમતનગર હાઈવે પર છાલા નજીક આજે મોડી સાંજે સર્જાયેલ એક ગમખ્વાર અકસ્માતમાં ત્રણ વ્યક્તિના મોત નીપજ્યા છે.

આ અકસ્માતના બનાવ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ હિંમતનગરથી ચિલોડા તરફ આવી રહેલ એક કારની પાછળ આજે સાંજે ધડાકાભેર એક ટ્રક ટકરાઈ હતી. આથી કાર ચાલકે કાર પરનો તેનો કાબુ ગુમાવ્યો હતો.

કાર પરનો કાબુ ડ્રાયવરે ગુમાવતાં કાર ફંગોળાઈને બાજુના રોડ પર જતી રહેવા પામી હતી જ્યાં ચિલોડા તરફથી આવી રહેલ બીજી ટ્રક તેને ટકરાઈ હતી. આ બેવડા અકસ્માતમાં કારનો ભુક્કો બોલી જવા પામ્યો હતો જ્યારે કારમાં મુસાફરી કરી રહેલ એક બાળક, એક મહિલા અને ડ્રાયવરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આ અકસ્માતના સમાચાર વાયુવેગે પ્રસરતાં લોકોના ટોળેટોળાં ભેગા થઈ જવા પામ્યા હતા. મૃતકોના મૃતદેહને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા છે. પોલીસે પણ ઘટનાસ્થળે દોડી જઈ અને પરિસ્થિતિને સંભાળી લીધી છે.

આ અકસ્માતમાં મૃતકોની ઓળખવિધિ હજુ થઈ શકી ન હોવાનું જાણવા મળેલ છે. ચિલોડા હિંમતનગર હાઈવે પર અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે તેનાથી આસપાસના ગ્રામજનોમાં ચિંતાની લાગણીનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

## આજે એસ.બી.આઈ.ના નિવૃત્ત કર્મચારીઓની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસિએશનના પ્રમુખ સુરેશ રિંડાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ગાંધીનગર સ્થિત નિવૃત્ત સભ્યોની બેઠક આજે તા. ૩૦મી જૂન ૨૦૧૨ને શનિવારે બપોરે ૩ કલાકે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મેઈન બ્રાન્ચના ૧લા માળે યોજાશે. એસ.બી.આઈ. સ્ટાફ માટે જ યોજાનાર આ બેઠકમાં સૌ સભ્યોને નિયત સમયમાં ઉપસ્થિત રહેવા ઉપપ્રમુખ સુરેશ ગોરે ખાસ જણાવ્યું છે.

## મોરબીની ફેકટરીના પ્રદૂષણ અંગે રજૂઆત

મોરબી, તા. ૨૮

મોરબીના પર્યાવરણ સુરક્ષા સમિતિના પ્રમુખશ્રી લાલજીભાઈ મહેતા તાજેતરમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સચિવ હાર્દિકભાઈ શાહ અને ચેરમેન, મિસ્ત્રીની મુલાકાત લીધી હતી. મોરબીમાં ગેસ ફાયરથી ચાલતી ફેકટરી અંગે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે જરૂરી કાર્યવાહી કરે તે મટે રજૂઆત કરી હતી.

## શબ્દાવલી - ૪૭૭૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | ૭ | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | |
| ■ | | ■ | ૧૩ | | | | ■ |
| ૧૪ | ■ | ૧૫ | | ■ | | ■ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ■ | | ■ | ૧૯ | | |
| ૨૦ | | ■ | ૨૧ | | | ■ | |
| | ■ | ૨૨ | | ■ | ■ | ૨૩ | |

**આડી ચાવી**

૧. દિલેર દિલ, વિશાળ હૃદય વાળુ (૪)
૪. આંગળીથી... વેગળા (૨)
૬. વાળ જેટલી તિરાડ (૨)
૮. જપ, રટણ (૨)
૯. ૨૫ ડિસેમ્બરે મનાવાતો તહેવાર (૩)
૧૧. જેવી દાનત તેવી... (૪)
૧૩. સત્તા, રાજ (૪)
૧૫. નૈયા, નાવ (૨)
૧૭. કાપવાનો અવાજ... કરવું (૨)
૧૯. પીડા, દર્દ (૩)
૨૦. બીમાર માણસને ખાવામાં ... અપાય (૨)
૨૧. દસ્તો, ખાંડવાનું સાધન (૩)
૨૨. પાટો, મેજરટેપ (૨)
૨૩. નજર લાગવી, ... લાગવી (૨)

**ઊભી ચાવી**

૧. કાળજી, કેર (૩)
૨. ભીંત (૩)
૩. કુટેવ, ખરાબ આદત (૨)
૪. કોમળતા, નાજુકાઈ (૪)
૫. વેચાણ (૩)
૭. ઘણાને ચાલુ વાતમાં વચ્ચે ... મુકવાની ટેવ હોય છે (૩)
૧૦. એક કૅફી પીણું (૨)
૧૨. રમતવાળા સ્વભાવવાળુ (૫)
૧૩. હાંકી કાઢવું, ... કરવી (૫)
૧૪. ભયાનક દેખાવવાળું (૪)
૧૬. વિનાશ કરે તેવું (૪)
૧૮. પહોળા ઘાટનું એક વાસણ (૨)

**શબ્દાવલી ૪૭૭૨ના જવાબ**

**આડી ચાવી :-** (૧) અવાક (૪) વિનવણી (૬) કનડગત (૭) લગીર (૮) વજ (૯) ગરણી (૧૧) બલી (૧૫) કવયત્રી (૧૬) તારાજી (૧૮) વાર (૧૯) રાગીયો (૨૦) છેતરામણી

**ઊભી ચાવી :-** (૧) અકલ (૨) વાનગી (૩) કડરણું (૪) વિતરાગ (૫) વગોવણી (૧૦) રમતારામ (૧૧) બકવાસ (૧૨) લીવર (૧૩) પત્રી (૧૪) કજીયો (૧૭) રાગીણી

# અધિકારીઓ, ગ્રામજનો અને દાતાઓના સહયોગથી કુપોષણમાંથી મુક્તિનો અનોખો જંગ

## આદરજ મોટી ખાતે ૭૦ બાળકોને આ માટે ખાસ કીટ તૈયાર કરી આપવામાં આવી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં અતિ કુપોષિત કેટેગરીમાં આવતા બાળકોને દત્તક લેવા માટે જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે ગત સંકલન સમિતિમાં કરેલી અપીલના પ્રતિસાદ રૂપે જિલ્લા પંચાયતના અધિકારીઓ, ગ્રામજનો તથા દાતાઓએ ફાળો એકત્ર કરી આજે ગાંધીનગર તાલુકાના આદરજ મોટી પ્રા. આ. કેન્દ્ર ખાતે આવા બાળકોને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અધિકારીઓ, ગ્રામજનો તેમજ દાતાઓના સહયોગથી બનાવાયેલ આ કીટમાં બાળકો માટે સિંગ-ચણા, ફળ ઉપરાંત નેઈલકટર, તેલની નાની બોટલ, પીવાના પાણી માટે ડોયો, કાંસકો તેમજ સાબુ આપવામાં આવ્યા હતા.

વાલીઓ અને બાળકોની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકોએ હાથ ધોવા શા માટે જરૂરી છે ? હાથ કેવી રીતે ધોવા જોઈએ ? આપણે શું કામ ચોખ્ખુ અને ઉકાળેલું પાણી પીવું જોઈએ ? સ્વસ્થતા અને સ્વચ્છતાનો સમન્વય કેવી રીતે



માણસને શક્તિશાળી બનાવે છે તેની સમજ આપતી બાબતો અંગે ખુલ્લા મને ચર્ચાઓ કરી સમજ આપવામાં આવી હતી.

'દરેક જન્મેલ બાળક જીવે' તે અંતર્ગત વિશ્વ વસ્તી પખવાડિયાની ઉજવણી માટે યોજાયેલ આ નવતર કાર્યક્રમથી સૌ પ્રભાવિત થયા હતા અને જિલ્લાના તમામ પ્રા.આ. કેન્દ્રો ખાતે આવા કાર્યક્રમો આગામી દિવસોમાં યોજાશે તેવી સત્તાવાર જાહેરાત પણ કરવામાં આવી હતી.

આદરજ મોટી કેન્દ્રના ગામોમાં ૭૦ થી વધુ બાળકો અતિ કુપોષિત કેટેગરીમાં હતા. આ તમામ બાળકોને કીટ આપવામાં આવી હતી. જિલ્લામાં બે હજાર જેટલા બાળકો અતિ કુપોષિત કેટેગરીમાં છે.

જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના આ માનવીય અભિગમને સૌ ગ્રામજનોએ આવકાર્યો હતો અને બાળકોને કુપોષણમાંથી મુક્તિ આપવાનો સંકલ્પ જાહેર કર્યો હતો.

આ પ્રસંગે દાતાઓ તેમજ સરપંચશ્રી આદરજનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા પ્રોજેક્ટ અમલીકરણની ટીમ તેમજ આરોગ્યતંત્રની બ્લોક હેલ્થ ઓફિસના તમામ કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

## લુંટ અને ઘરફોડચોરી કરતી આદિવાસી ટોળકી ઝડપાઈ

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ જિલ્લામાં લુંટ અને ઘરફોડ ચોરી કરતી આદીવાસી ગેંગને પોલીસે ઝડપી પાડી છે. વિગતવાર માહિતી એવી છે કે એલસીબી પીઆઈ ડીજે ચાવડાને બાતી મળી હતી કે ગઈ કાલ તા.૨૮/૬/૨૦૧૨ સાંજના સમયે છોટા હાથી વાહન નં.જીજે-૧-સીએક્સ-૩૨૬૬નું લઈ આરોપી કમોડ સર્કલ તરફથી નીકળનાર છે. જે હકીકત આધારે ઉપરોક્ત વાહન પીરાણા તરફથી રીંગરોડ કમોડ તરપ આવતા તેને રોકી તેના ચાલકની પુછપરછ કરતા જેની વર્તણુંક શંકાસ્પદ જણાતા જેની અટકાયત કરી ઘનિષ્ઠ પુછપરછ કરતા તેઓના નામ (૧) શંકર મલસીંગ દહમા રહે. કાલીયાવાડ તા. ધાનપુર જી. દાહોદ, (૨) પ્રતાપ નાથીયા સંગાડા રહે. ચીલાકોટા તા. લીંમખેડા જી. દાહોદ, (૩) છનુ વાલા ડામોર રહે. ચીલકોટા તા. લીંમખેડા જી. દાહોદ હોવાનું જાણવા મળ્યું હતું.

## ત્રીજો મોરચો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડોદરા, સુરત, ભાવનગર, જામનગર અને બીજા મોટા શહેરોમાં જિલ્લાકક્ષાના સંમેલનોમાં ભાગ લશે.

કેશુભાઈ પટેલને પૂછતાં તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં ભાજપ સત્તામાં નથી. આ એ ભાજપ નથી કે જેની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી તેથી હું આ પાર્ટી છોડી રહ્યો છું. પાર્ટી ચાહે તો મને સસ્પેન્ડ કરી શકે છે. મારી સામે પગલાં ભરી શકે છે. હું આ લડાઈને અધુરી છોડવાનો નથી. ગુજરાતની જનતાને પ્રેમનું શાસન આપવા ત્રીજા મોરચાનું નેતૃત્વ કરવાનો છું.

## ત્રીજા પક્ષનો ઉદય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતમાં ત્રીજા પક્ષનો ઉદય ૧૫ વર્ષ પછી થઈ રહ્યો છે. ચીમનભાઈ પટેલનો કીમલોપ અદ્રશ્ય થયા પછી ૧૭ વર્ષે તેમને સત્તા મળી હતી. શંકરસિંહે ૧૯૯૭માં રાજપા બનાવી હતી પણ તેમને સફળતા મળી ન હતી, કેશુભાઈ માને છે કે મારા કારણો જુદા છે તેથી ત્રીજો મોરચો સફળ થશે.

## તાલુકા પંચાયતનો વિક્રમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી પોપટભાઈ પટેલના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં વિકાસના કામોને લઈ કોંગ્રેસના સભ્યો તડાપીટ બોલાવે તેવી શક્યતાઓ છે. તાલુકામાં જે કામો હાથ પર લેવા માટે અગાઉ પ્રસ્તાવો પસાર થઈ ચુક્યા છે તેની અમલવારીમાં થઈ રહેલા વિલંબને લઈ પણ સત્તાધારી અને વિપક્ષ એમ બન્ને બાજુના સભ્યોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

## વધુ કિંમત વસુલાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા મધુર દૂધની થેલીનો એક રૂપિયો વધુ વસુલવામાં આવ્યો હોવાની ફરિયાદ સંદર્ભે સે-૩૦ સ્થિત જુ. નિરીક્ષક કાનૂની માપ વિજ્ઞાન કચેરી દ્વારા સ્થળ તપાસ હાથ ધરી 'પેકેજ કોમોડીટી રૂલ્સ' અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કોઈ પણ વેપારી કે વેચાણકર્તા દ્વારા દૂધ સહિતની કોઈ પણ પેકડ ચીજવસ્તુઓના પેકીંગમાં દર્શાવેલી છાપેલી કિંમત કે એમ.આર.પી. કરતા વધુ પૈસા લેવામાં આવે તો ધી લીગલ મેટ્રોલોજી રૂલ્સ ૨૦૧૧ના નિયમ ૧૮ (૨) તથા નિયમ ૩૮ (૨)ના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાય છે. આકરી મોંઘવારીમાં આમ પણ ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે જવાબદાર તંત્રએ પણ આ મામલે સમયાંતરે આકસ્મિક ચકાસણી હાથ ધરવી જોઈએ તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ચારુતર વિદ્યામંડળ સંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સેરલિપ-માં એમ.ફિલ., પીએચ.ડી. નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૯

ચારુતુર વિદ્યામંડળ સંચાલિત અને સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન સરદાર પટેલ સંશોધન સંસ્થા - સેરલિયમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ થી એમ.ફિલ (સોશિયોલોજી) સરદાર પટેલ સ્ટડીઝ તથા પીએચ.ડી. (રાજ્ય નીતિશાસ્ત્ર)ના અભ્યાસક્રમનો શુભારંભ થઈ રહ્યો છે. સરદાર પટેલ યુનિવર્સિટીએ જાહેર કરેલી પ્રવેશ પરીક્ષા અનુસાર જે તે ઉમેદવારને પ્રવેશ અપાશે.

સેરલિપમાં એમ.ફિલ અને પીએચ.ડી.નો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓમાંથી એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.નાં વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ અને ફેલોશીપ મળે છે. સેરલિપમાં ચલાવાતા સરદાર પટેલ સ્ટડીઝમાં એમ.ફિલ (ઈતિહાસ), એમ.ફિલ. (રાજ્યનીતિશાસ્ત્ર) અને એમ.ફિલ. (સમાજશાસ્ત્ર)ની દસ-દસ બેઠકોમાં પ્રવેશ માટે સરદાર પટેલ યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષા લેશે. પીએચ.ડી. (રાજયનીતિશાસ્ત્ર) માટે પણ યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષા લઈને પ્રવેશ આપશે. આ તમામ અભ્યાસક્રમો માટે યુજીસી, કેન્દ્ર અને રાજ્ય સરકારની ફેલોશીપ અને શિષ્યવૃત્તિ મેળવવા માટે સેરલિપમાં વિદ્યાર્થી લાયક ગણાય છે. એમ પ્રા. હરિ દેસાઈએ જણાવ્યું હતું.

## જીએસપીએલના સંયુક્ત સાહસ દ્વારા માલાવરમ-ભોપાલ-વિજયપુર પાઈપલાઈન પ્રોજેક્ટના કરાર

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ (જીએસપીએલ)ના સંયુક્ત સાહસ જીએસપીએલ ઈન્ડિયા ટ્રાન્સકો લિમિટેડે (જીઆઈટીએલ) આજે તેના માલાવરમ-ભોપાલ-ભિલવાડા-વિજયપુર પાઈપલાઈન પ્રોજેક્ટ (નકશો જોડેલ છે) અર્થે રૂ. ૫,૦૮૦ કરોડની સિંડિકેટેડ લોન માટે ૧૪ બેંકોની બનેલી સિંડિકેટ સાથે કરાર કર્યો હતો, જેને પગલે જીએસપીએલે ગેસનું વહન કરવાના ક્ષેત્રે સમગ્ર દેશમાં ઉપસ્થિતિ ધરાવતી એક કંપની તરીકે ઊભી આવવાના તેના ધ્યેયને પ્રાપ્ત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવ્યું છે. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (જીએસપીસી)ના મેનેજિંગ ડાયરેક્ટર અને જીઆઈટીએલના ચેરમેન શ્રી તપન રે (આઈએએસ) એ બેન્ક ઓફ ઈન્ડિયાની આગેવાની ધરાવતી આ કોન્સોર્ટિયમ સાથે લોન માટેના આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. કોન્સોર્ટિયમમાં સમાવિષ્ટ અન્ય બેન્કોના નામ અનુક્રમે પંજાબ નેશનલ બેન્ક, કેનેરા બેન્ક, યુનિયન બેન્ક, કોર્પોરેશન બેન્ક, યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયા, સિંડિકેટ બેન્ક, ઈન્ડિયન બેન્ક, પંજાબ એન્ડ સિંધ બેન્ક, ફેડરલ બેન્ક, સ્ટેટ બેન્ક ઓફ મૈસુર, દૈના બેન્ક, અલ્હાબાદ બેન્ક અને વિજ્યા બેન્ક છે.

આ પ્રોજેક્ટ માટેની બિડિંગ પ્રક્રિયામાં જીઆઈટીએલ વિજેતા તરીકે ઊભરી આવી છે તે પછી પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરિ બોર્ડ (પીએનજીઆરબી) દ્વારા જુલાઈ ૭, ૨૦૧૨ના રોજ તેની પસંદગી પ્રોજેક્ટના અમલીકરણ માટે કરવામાં આવી હતી. જીઆઈટીએલની મુખ્ય પ્રમોટર કંપની તરીકે જીએસપીએલ આ કંપનીમાં ૫૨ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે કંપનીના અન્ય પ્રમોટરો ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (આઈઓસીએલ), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ) કંપનીમાં અનુક્રમે ૨૬ ટકા, ૧૧ ટકા અને ૧૧ ટકા હિસ્સો ધરાવે છે. માલાવરમ-ભોપાલ-ભિલવાડા-વિજયપુર પાઈપલાઈન પ્રોજેક્ટની કુલ અંદાજિત કિંમત રૂ. ૭,૨૫૫ કરોડ છે.